## સંક્ષિપ્ત સમાચાર

### બાકોરની પાંડરવાડા ગામની કે.એમ. દોશી હાઈસ્કૂલમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



**ખાનપુર |** બાકોરના પાંડરવાડા ગામમાં આવેલા કે. એમ. દોશી હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થી મંડળની તંદુરસ્ત વાતાવરણમાં લોકશાહી ઢબે ઈલોક્ટ્રોનિક માધ્યમ ઈવીએમ એપ મારફતે ચૂંટણી અધિકારી પી. વી. પંચાલ તથા અન્ય સ્ટાફના સહયોગથી કાર્ય પરિપૂર્ણ થયું હતું. જેમાં પ્રમુખ ડામોર રાજેન્દ્ર પી., ઉપપ્રમુખ સંજના પંચાલ, મંત્રી હરેશ ડામોર, સહ મંત્રી મૌલિક પગી, ખજાનચી ભક્તિ પટેલ આ તમામ બિનહરીફ તરીકે ચૂંટાયા છે. આ ચૂંટણીમાં જાહેરનામું, ઉમેદવારી, લાયકાત, મતદાનનુ મહત્વ, આચારસંહિતા, નોટાનો ઉપયોગ, પરિણામ તેમજ હોદ્દા માટે ગુપ્તતાના શપથ લેવડાવ્યાં હતાં.

### સરદાર પટેલ કોલેજ ઓફ એડ્મીનીસ્ટ્રેશન એન્ડ મેજમેન્ટના વિદ્યાર્થી ઝળક્યાં



**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડ્મીનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેંટ (એમબીએ)ના ચોથા સેમિસ્ટરનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં એમબીએના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરી શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે. વધુમાં રાણા ધ્રુવી કે જેમણે 10 સીપીઆઈમાંથી 9.74 સીપીઆઇ મેળવી જીટીયુમાં ફાઇનાન્સ સ્પેશિયલાઇઝેશન કોર્સ તેમજ એમબીએ બ્રાન્ચ તેમ બન્નેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કુલ 38 વિદ્યાર્થીઓએ 10 સીપીઆઈમાંથી 9 સીપીઆઇથી પણ વધુ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ સ્પેક એમબીએના ડીરેક્ટર ડો. વિશાલ પાટીદાર, એચ.ઓ.ડી અને આઇ.ક્યુ.એ.સી કોર્ડિનેટર પ્રો.નૈતિક રામી તથા સર્વે સ્ટાફગણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

### ખેડાના નવાગામમાં નવનિર્મિત પ્રાથમિક કુમાર શાળાનું લોકાર્પણ કરાયું



**ખેડા |** નવાગામ ખાતે અંદાજીત 77 લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક કુમાર શાળા (પે-સેન્ટર)નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ અને મહેમદાવાદ ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ હાજર રહ્યાં હતાં. ખેડા તાલુકાના નવાગામ ખાતે અંદાજીત 77 લાખના ખર્ચે નવ નિર્મિત પ્રાથમિક કુમાર શાળા સંકુલનું લોકાર્પણ સાંસદ ઉપરાંત મહેમદાવાદ ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ સહિત શાળાના આચાર્ય, શિક્ષકો, બાળકો સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદમાં સાંસદ મિતેષ પટેલ દ્વારા સાંસદ જન સેવા રથનો પ્રારંભ કરાયો



**આણંદ |** આણંદ લોકસભાના સાંસદ મિતેષભાઇ પટેલે 'સાંસદ જન સેવા રથ'નો પ્રારંભ કર્યો છે, જેનો ઉદ્દેશ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના વર્ગ સુધી પહોંચાડવાનો છે. આ રથનો શુભારંભ આણંદ સ્વામિનારાયણ મંદિરના કોઠારી ભગવતચરણ સ્વામીના હસ્તે કરવામાં આવ્યો હતો. સાંસદ જન સેવા રથ ગામડાઓ સુધી પહોંચશે અને ગરીબ તથા વંચિત વર્ગના લોકોને સરકારી યોજનાઓનો સીધો લાભ આપવામાં મદદરૂપ થશે. આ પ્રસંગે સાંસદ મિતેષભાઇ પટેલ, જિલ્લા પ્રમુખ રાજેશભાઇ પટેલ, આણંદ નગરપાલિકાના પ્રમુખ જીગ્નેશભાઇ પટેલ, જિલ્લા મહામંત્રી સુનિલભાઇ શાહ સહિત વિદ્યાનગર અને કરમસદ શહેર સંગઠનના પદાધિકારીઓ, કાઉન્સિલરો, કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ડાકોરના મોખા તળાવની કામગીરીમાં તકલાદી કામ થતું હોવાથી આક્રોશ વ્યાપ્યો

# ડાકોરમાં તળાવના બ્યુટીફિકેશનમાં ભ્રષ્ટાચાર!

**બ્યુટીફિકેશન માટે** સરકાર દ્વારા માતબર રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી

**હાલમાં ચાલી રહેલા** કામ બાબતે ડાકોરના રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધિ) ડાકોર તા 9

યાત્રાધામ ડાકોરમાં નગરપાલિકા દ્વારા ચાલતા અણઘડ વહીવટના કારણે સ્થાનિક રહીશો સહિત યાત્રાળુઓને પારાવાર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ડાકોરમાં ચાલતા વિકાસ કામોમાં બેદરકારીને કારણે શહેરભરમાં અવારનવાર વિરોધ અને વિવાદિત સ્થિતિ જોવા મળે છે. ત્યારે પાલિકાના સત્તાધીશો દ્વારા વધુ એક કૌભાંડ હાલમાં શહેરભરમાં ચર્ચિત બન્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડાકોર નગરપાલિકા દ્વારા ગાયોના વાડા તરફ જવાના માર્ગ ઉપર આવેલ મોખા તલાવડી ઉપર બ્યુટીફિકેશની કામગીરી શરૂ કરવામાં આવી છે. તળાવ બ્યુટીફિકેશન માટે સરકાર દ્વારા માતબર રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. પરંતુ હાલમાં ચાલી રહેલા કામ બાબતે ડાકોરના રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. કામમાં કોઈ જ ગુણવત્તા જાળવવાની તસ્દી લેવાતી નથી. તળાવ બ્યુટીફિકેશન નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર નગરપાલિકાના સત્તાધીશોએ કર્યો છે. તેમાં પણ ડાકોર નગરપાલિકાના સત્તા ઉપર બેઠેલા અધિકારીઓએ મોટા પ્રમાણમાં ચેકો ઉધારીને જંગી રકમના નાણાં ઉપાડી લીધા છે. તેવો આક્ષેપ ડાકોરના અગ્રણીઓ હરેન્દ્રભાઈ ભટ્ટ તેમજ વિપુલભાઈ કરી રહ્યા છે. જો સરકાર સત્વરે જાગે તો ડાકોર નગરપાલિકાના અધિકારીએ કરેલા ભ્રષ્ટાચાર સામે તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરીને નાણા પરત લાવે તેવી માંગ ઉઠી છે. જવાબદાર અધિકારી પાસેથી ગેરરીતિઓ આચરીને મેળવેલ રકમની વસુલાત કરવામાં આવે તેવી ડાકોરના અગ્રણીઓની માગણી અને લાગણી છે



તસવીરઃ મહેશ શાહ

### ડાકોરના મોખા તળાવનુ બ્યુટીફિકેશન કામમાં ભ્રષ્ટાચારની તટસ્થ તપાસ જરૂરી

યાત્રાધામ ડાકોરમાં સરકાર દ્વારા કરોડોના ખર્ચે જુનું મોખા તળાવ નવિનીકરણ સાથે નવા સાજ શણગાર સજીને નયનરમ્ય બનાવવા માટે કામ મંજૂર કરવામાં આવ્યું છે. માતબર રકમની ફાળવણી બાદ કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ કામગીરી શરૂ થતાં જ ભ્રષ્ટાચારે ચરમસીમા વટાવી દીધી બની હોવાનુ ચર્ચાઇ રહ્યું છે. ડાકોર નગરપાલિકા દ્વારા કામમાં ગેરરીતિઓ આચરીને ખાયકીનો ખેલ રચીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. એવો આક્ષેપ ડાકોરના ડોક્ટર હરેન્દ્રભાઇ પંડ્યાએ કરેલ છે. તેમજ વિપુલભાઈએ પણ કામમાં ગેરરીતિઓ બાબતે જણાવેલ છે કે યોગ્ય તપાસ થાય તો ભષ્ટાચારની વિગતો મોટા પ્રમાણમાં બહાર આવશે. જો સરકાર યોગ્ય તપાસ કરે તો આ ભ્રષ્ટાચારીઓ સામે સખતમાં સખત પગલા ભરવા જોઈએ એવી માંગ ડાકોરના રહીશોમાં માંગ ઉઠી છે.

### તળાવની કામગીરીમાં ભ્રષ્ટાચાર મામલે રજુઆત છતાં કોઈ કાર્યવાહી નહીં

ડાકોર નગરના મોખા તળાવનુ બ્યુટીફિકેશન કામમાં લાપરવાહી બાબતે તંત્રને વારંવાર રજુઆત કરવામાં આવી છે. આમ છતાં ભ્રષ્ટાચાર થયો છે. પાલિકા તંત્ર દ્વારા બારોબાર કોન્ટ્રાક્ટરને ચેકો પાસ કરી દેવામાં આવ્યા હોવાના પણ આક્ષેપો થઇ રહ્યાં છે. આ અંગે જાગૃત નાગરિકો અને સામાજિક આગેવાનોએ તળાવમાં ચાલતા કામમાં થતી ગેરરીતિઓ ઉજાગર કરવાનું બીડુ ઝડપ્યું છે. તેઓએ તળાવ ખોદવામાં ભષ્ટાચાર, મટીરીયલમાં ભ્રષ્ટાચાર, પુરાણમાં ભષ્ટાચાર, કપચીમાં ભ્રષ્ટાચાર તેમજ સીમેન્ટમાં પણ ભષ્ટ્રાચાર થયાની રજુઆત કરી છે. આમ છતાં છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. તળાવના કિનારે માટીમાં સીધા જ બીમ ભરી દીધેલ છે જેથી બીમ ગમે ત્યારે પાણીમાં બેસી જશે તેવી ચિંતા ડાકોરના નગરજનોએ વ્યક્ત કરી છે.

# કડાણાના વડાઝાંપા ગામના વિકાસ કામોમાં ગેરરીતિનો થયાનો આક્ષેપ

**નલ સે જલ યોજનામાં** નળ આવી ગયાં હજુ પાણીની ટીપું પડ્યું નથી

(પ્રતિનિધિ) કડાણા તા.9

કડાણાના વડાઝાંપા ગામમાં થયેલા વિકાસ કામોમાં પંચાયતના સભ્યોએ જ ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો છે. વડાઝાંપા ગામ વિકાસથી વંચિત હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે, ગામમાં અનેક યોજનાનો આવી છે, પરંતુ ગ્રામ લોકોને યોજનાનો લાભ મળ્યો નથી. આથી, ગ્રામ પંચાયતના સભ્યોએ જ ગામમાં વિકાસના કામો ન થતાં ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આક્ષેપ કરી અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી છે.

કડાણાના વડા ઝાંપા ગામે નલ સે જલ યોજના અંતર્ગત ઘરે ઘરે નળ નાખી દેવામાં આવ્યાં છે. પરંતુ આ પાણીનાં નળ શોભાના ગાંઠીયા સમાન જોવા મળી રહયાં છે અને પાણીનું ટીપુ નળમાં આવ્યું નથી. આ યોજનામાં કામગીરી પણ હલકી ગુણવતા વાળી કરવામાં આવી છે. આ નલ સે જલ યોજનાની ક્યાંક પાઈપો ઉપર દેખાય છે, તો કયાંક પાઈપ જ નાખવામાં આવી નથી અને ગામમાં ઘરે ઘરે નળ નાખી દેવામાં આવ્યાં છે. નલ સે જલ યોજના હેઠળ પાણીનો



મોટો સંપ પણ બનાવી દીધો છે. પરંતુ હજુ સુધી પાણીનુ ટીપું સંપમાં પડ્યું નથી. આ સંપની બાજુમાં ઈલેક્ટ્રિક રૂમ બનાવ્યો છે, જેમાં પશુઓના ચામડા જોવા મળ્યાં હતાં. જ્યા વીજ મીટરના બન્ને છેડા ખુલ્લા જોવા મળે છે. ઈલેક્ટ્રિક રૂમમાં ખુલ્લા વીજ તાર લબડી રહયા છે. લાખો રૂપિયાની ગ્રાન્ટ વાપરી સરકારી નાણાનો વેડફાટ અહીંયા જોવા મળી રહ્યો છે. સરકારી યોજનાના શૌચાલયના ખોખા ઊભા કરી દેવામાં આવ્યાં છે. પરંતુ આ શૌચાલયના દરવાજા કોઈપણ જગ્યાએ બનાવવામાં આવ્યાં નથી અને શૌચાલયમાં કોઇ ટબ કે ટાઈલ્સ પણ લગાવવામાં આવી નથી અને લાઈન પણ આપવામા આવી નથી. ગામ લોકોને આ શૌચાલયની યોજનાનો લાભ સંપૂર્ણ રીતે મળ્યો નથી. વડાઝાંપા ગામે અત્યાર સુધીમાં જે શૌચાલય બન્યા છે, તેની તપાસ કરાય તો મસમોટુ કૌભાંડ બહાર આવે શક્યતા છે. આ શૌચાલયમાં પણ મીલીભગતથી કટકી આચરાયુંનું ચર્ચાય છે. સરપંચે એક શૌચાલય દીઠ બે હજાર રૂપિયા લીધા હોવાના આક્ષેપ ગામલોકો કરી રહયા છે.

### તારાપુર પાસે ટાઇલ્સ ભરેલી ટ્રક પલટી



તારાપુર - વટામણ ધોરી માર્ગ પર પુરપાટ ઝડપે જતી ટાઈલ્સ ભરેલી ટ્રકના ચાલકે કાબુ ગુમાવતાં તે પલટી ગઈ હતી. જેના કારણે આખા રોડ પર ટાઈલ્સ પથરાઇ જતાં ટ્રાફિક જામ થયો હતો. આ અકસ્માતના પગલે સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ક્રેઇનની મદદથી ટ્રક દુર કરી ટ્રાફિક રાબેતા મુજબ કર્યો હતો. જોકે, અકસ્માતમાં કોઇ જાનહાની થઇ નથી.

# કહાનવાડીમાં ખાણ ખનીજ તંત્રનો દરોડો : 7 ટ્રેક્ટર જપ્ત

(પ્રતિનિધિ) આંકલાવ તા 9

મહીનદી કિનારે ગેરકાયદેસર રેતી ખનન મોટા પાયે થઈ રહ્યું છે. જેમાં વહેલી સવારે ટ્રેક્ટરોથી અને રાત્રી દરમ્યાન ડમ્પરોથી ઓવરલોડ રેતી કાઢવામાં આવી રહી છે. જેમાં ખાણ ખનિજ વિભાગના કેટલાક મળતીયાઓને કારણે મહીનદીમાથી બેફામપણે રેતી ખનન કરાઈ રહ્યું છે

આંકલાવના કહાનવાડી ગામે મહીનદી કિનારા પર છેલ્લા કેટલાય સમયથી ચાલતા રેતી ખનનની પ્રવૃત્તિની ફરીયાદો ઉઠી હતી. જેના કારણે આણંદ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. ખનિજ ચોરી કરતા 7 ટ્રેક્ટર સહિત લાખો રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો છે.તેમજ રેતી ખનન માફિયાઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. જોકે સફળ રેડ દરમિયાન વાહનો ઝડપી પાડ્યા છે. જેને કારણે રેતી ખનન કરતા માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.



કહાનવાડી ખાતે આણંદ ખાન ખનિજ વિભાગ પ્રાઈવેટ ગાડી લઈને આકસ્મિક તપાસ હાથ ધરતા રેતી ચોરી કૌભાંડ ઝડપાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગંભીરા બામણગામમાં હજુપણ ગેરકાયદેસર રેતી ખનન મોટા પાયે થઈ રહ્યું છે. જેમાં વહેલી સવારે ટ્રેક્ટરોથી અને રાત્રી દરમ્યાન ડમ્પરોથી ઓવરલોડ રેતી કાઢવામાં આવી રહી છે. જેથી અન્ય વિસ્તારોમાં પણ ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વીજ કંપનીએ ફરિયાદ નિવારણ કેન્દ્રનું સ્થળ બદલતાં હાલાકી

**સોજિત્રામાં પચાસેક વર્ષથી ચાલતાં** ફરિયાદ નિવારણ કેન્દ્રને અઢી કિમી દૂર લઇ ગયાં

(પ્રતિનિધિ) સોજીત્રા તા. 9

સોજિત્રા ખાતે છેલ્લા 50 વર્ષથી લીમડી ચોક વિસ્તારમાં એમજીવીસીએલની ફરીયાદ નિવારણ કચેરી કાર્યરત હતી. જેથી સોજીત્રા રહીશો વીજળી ડુલ થાય કે અન્ય કોઇ મુશ્કેલી સંદર્ભે સરળતાથી રૂબરૂ મળીને રજૂઆત કરી શકતા હતા. કમ્પ્લેન નંબર પર ફોન કરે ત્યારે કોઇ ફોન ન ઉઠાવે કે બંધ હોય તો રૂબરૂ જઇને રજૂઆત કરી શકતા હતા. જેથી દરેક માટે ખુબ જ સરળતા રહેતી હતી.પરંતુ એમજીવીસીએલના કાર્યપાલક ઈજનેર દ્વારા એકાએક જ કોઇ પણ કારણ વગર જ સદર કમ્પ્લેન કચેરી તાત્કાલિક બંધ કરીને ગામથી દૂર આવેલ જીઆઇડીસીના સામે સ્થળાંતર કરી દેતા ગ્રામજનોમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠયો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર સોજિત્રા સહિત આસપાસના વિસ્તારમાં ફરિયાદ કે અન્ય કોઇ રજૂઆત માટે પચાસેક વર્ષ પહેલા ગામના લીમડી ચોક વિસ્તારમાં એમજીવીસીએલની કચેરી કાર્યરત હતી. જેથી ગ્રામજનો વીજ બીલ અંગેની ફરિયાદ કે વીજળી ડુલ થાય કે ફોલ્ટ થાય તો કમ્પ્લેન નંબર ફોન કરીને સંપર્ક કરાતાં કોઇ ફોન ઉઠાવે નહી કે જવાબ ન આપે તો ગ્રામજનો રૂબરૂ જઇને ફરિયાદ કરી શકતા હતા. પરંતુ કાર્યપાલક ઈજનેર દ્વારા અગાઉથી કોઇ પણ પ્રકારની જાણ કર્યા સિવાય જ લીમડી ચોક વિસ્તારમાં આવેલી વર્ષોજૂની કમ્પ્લેન ઓફિસ બંધ કરી દઇને બહાર નોટીસ બોર્ડ લગાવી દેવામાં આવ્યું છે .હવે પછી વીજળી લગતી કોઇ સમસ્યા હોય તો જીઆઇડીસી સામે આવેલા કોમ્પ્લેક્ષમાં કમ્પ્લેન કચેરી ખસેડવામાં આવી છે. તો ત્યાં સંપર્ક કરવા જણાવ્યું છે. ગ્રામજનોએ નોટીસ બોર્ડ વાંચતા રોષ ભભૂકી ઉઠયો હતો.

# સંતરામપુરમાં ટ્રાફિક સમસ્યાથી પ્રજા ત્રસ્ત

**ટાવરથી સુકી નદી** પુલ સુધીનો રોડ અને કોલેજ રોડ સહિતના માર્ગો પર ટ્રાફિક સમસ્યા

(પ્રતિનિધિ) સંતરામપુર તા.9

સંતરામપુર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વધતી વસતી સાથે ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. ખાસ કરીને ટાવરથી સુકી નદી પુલ સુધીનો માર્ગ, મોટા બજાર ચોકડીથી કોલેજ રોડ અને ગોધરા ભાગોળ ચોકડીથી સંતરામપુર બસ સ્ટેન્ડ તરફના માર્ગ પર ટ્રાફિક સમસ્યા માથાનો દુ:ખાવો બની છે.

સંતરામપુરમાં વિકાસ સાથે વાહનોની સંખ્યા વધી રહી છે. જેની અસર માર્ગો પર જોવા



મળી રહ્યાં છે. સંતરામપુરમાં આવેલા મુખ્ય માર્ગો પર છેલ્લા કેટલાક સમયથી 15થી 20 મિનિટમાં ટ્રાફિક જામ થાય છે. આ સ્થિતિમાં ઈમરજન્સી કે બિમાર વ્યક્તિને હોસ્પિટલ લઈ જવું મુશ્કેલ બની જાય છે. કેટલાક કેસમાં ઈમરજન્સી દરમિયાન નુકશાન ભોગવવું પડે છે. આથી, નગરપાલિકા અને પોલીસ સાથ મળી મુખ્ય માર્ગો પર આવેલા દબાણ, વેપારીઓ દ્વારા મનફાવે તેમ મુકેલા સાઈન બોર્ડ, અડચણ કાયમી ધોરણે દુર કરવા માગણી ઉઠી છે.

# પ્રાકૃતિક કૃષિથી પર્યાવરણનું જતન થાય

**આણંદ કૃષિ** યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ખેડૂતો માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડો. વાય. એમ. શુક્લાએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન વધે છે, ખેતી ખર્ચ ઘટે છે, આવકમાં વધારો થાય છે, પર્યાવરણનું જતન થાય છે, તેમજ જમીનની ફળદ્રુપતા વધે છે. જેથી સફળ પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રાકૃતિક કૃષિના



તમામ આયામોનો ઉપયોગ કરવો ખુબજ જરૂરી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં ભરૂચ, વડોદરા, ગાંધીનગર, અરવલ્લી અને મહિસાગર જીલ્લાના પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા 29 ભાઈઓ તથા 10 મહિલાઓ મળી કુલ 39 ખેડૂતોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં વિવિધ પ્રાકૃતિક ખેતીના ઘટકો જેવા કે, જીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણિઅર્ક, આચ્છાદન વગેરેની પ્રાયોગીક તાલીમ આપવામાં આવી હતી. સાથે- સાથે પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયનું મહત્વ તથા મિશ્ર - આંતરપાકોની અગત્યતા બાબતે અવગત કરાવવામાં આવ્યા હતા.

વધુમાં નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીમાં આવતી મુશ્કેલીઓ-સમાધાન-ઉકેલ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી. જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ-શાકભાજી-ફળ વગેરેનું ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકે છે. તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિશે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત દેવેશભાઈ પટેલ, બોરીયાવી, ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા તથા અરૂણભાઈ શાહ, સંજીવની ફાર્મ, પીપળાતા અને એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિના સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી.